ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર , ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

Phone : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

અખબારી યાદી

તા: ૨૭/૧૧/૨૦૧૫

પ્રતિ,
તંત્રીશ્રી,
ભાવનગર

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તા.૨૬ નવેમ્બર NATIONAL MILK DAY ની ઉજવણી નિમિત્તે યોજાયેલ કાર્યક્રમ

આંતર રાષ્ટ્રીય દૂધ દિવસ ૧ જુનનાં રોજ ઉજવવામાં આવે છે. તા.૨૬ નવેમ્બરનાં દિવસને શ્વેતક્રાંતિનાં પ્રણેતા ડો. વર્ગીસ કુરીયનનાં જન્મ દિવસને રાષ્ટ્રીય દૂધ દિવસ **NATIONAL MILK DAY** તરીકે ઉજવવામાં આવે છે. જેનો હેતુ માનવ જીવનમાં દૂધ અને દૂધમાંથી બનતી વાનગીઓનુ મહત્વ સમજાવવાનો છે. વિશ્વમાં ૬ બિલીયન કરતા વધારે લોકો દૂધ અને દૂધમાં થી બનતી વાનગીઓનો ઉપયોગ કરે છે.

જેના અનુંસંધાને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,ભાવનગર દ્વારા તા. ૨૬ નવેમ્બરને ગુરૂવારનાં રોજ તપોવન મહિલા મંડળ,ભાવનગરમાં બહેનો માટે દૂધમાંથી બનતી વિવિધ વાનગીઓની **વાનગી સ્પર્ધાનું** આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં મહિલા મંડળનાં પ્રમુખ, ઉપપ્રમુખ તથા કમિટિના સભ્યો પણ ઉપસ્થિત રહેલ અને તેઓએ પૂરતો સાથ સહકાર આપી કાર્યક્રમ ને સફળ બનાવેલ.

આ વાનગી સ્પર્ધામાં બહેનોએ ખુબજ ઉત્સાહ પુર્વક ભાગ લીધેલ જેમાં પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમે આવનાર બહેનાને પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમમાં માર્ગદર્શન સંસ્થાનાં ચેરમેન ડો.ભાવેશભાઈ ભરાડે આપેલ. કાર્યક્રમને સફળ બનાવવા લોક વિજ્ઞાન કેન્દ્રની ટીમે ભારે જહેમત ઉઠાવેલ.

(હર્ષદ જોષી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.